જિલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

ધારાસભ્યોએ પડતરપ્રશ્નો અંગે આક્રમક રજૂઆત કરતાં સન્નાટો

સયાજીગંજ, ડભોઈ અને વાઘોડિયાના વિવિધ પ્રશ્નો અંગે આગામી બેઠક પહેલાં રિપોર્ટ રજૂ કરવા વિભાગોને આદેશ



(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧ વડોદરા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને 'જિલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતિ'ની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ જ્યોત્સનાબેન રબારી, ડીડીઓ આનંદ પાટિલ, નિવાસી અધિક કલેક્ટર બી. એસ. પટેલ સહિત ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં ડભોઈ, સયાજીગંજ અને વાઘોડિયાના ધારાસભ્યોએ મતવિસ્તારના પડતર પ્રશ્નો અંગે વહીવટીતંત્ર સમક્ષ આક્રમક અને ધારદાર રજૂઆતો કરી હતી. કલેક્ટરે તમામ વિભાગોને લોકપ્રશ્નોનો સમયમર્યાદામાં ઉકેલ લાવવા તાકીદ કરી હતી.

સયાજીગંજમાં બ્રિજ, માપણી અને વાવના દબાણોનો મુદ્દો ગુંજ્યો



સયાજીગંજના ધારાસભ્ય કેયુર રોકડિયાએ સૂચિત સોસાયટીઓની દરખાસ્તો, અટકેલા રોડ-બ્રિજના કામો અને ઐતિહાસિક વાવ પાસેના દબાણો અંગે તંત્રનું ધ્યાન દોર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, "સૂચિત સોસાયટીઓની નામંજૂર દરખાસ્તોના કારણો રહીશોને સમજાવવા કેમ્પ યોજવો જોઈએ. ઊંડેરા-૨ અને કરોડિયા રેલવે ઓવરબ્રિજનું કામ બુલેટ ટ્રેનના મુદ્દે છ-આઠ મહિનાથી બંધ છે, તેનો ત્વરિત નિકાલ લાવવો જરૂરી છે. ઉપરાંત, કરોડિયા મેઈન રોડ અને ગોરવાની ઐતિહાસિક વાવ પાસે કબરસ્તાનની જમીન પર થયેલા ગેરકાયદે દબાણો હટાવવા આઈએલઆર દ્વારા ઝડપી માપણી સીટ આપવામાં આવે જેથી કોર્પોરેશન આગળની કાર્યવાહી કરી શકે.

ડભોઈમાં ૧૨ કરોડના કચરા કલેક્શન કૌભાંડની આશંકા અને પ્રોજેક્ટ્સમાં વિલંબ

ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતાએ APMC જમીન હેતુફેર, તેન તળાવ ફેઝ-૨ (૧૭ કરોડ), ગઢ ભવાની પ્રોજેક્ટ, ટાઉનહોલ અને કુંડેલા અંડરપાસની ધીમી ગતિ અંગે સવાલો ઉઠાવ્યા હતા. વુડાના ૩૧ ગામોમાં કચરા નિકાલની કામગીરીમાં ગેરરીતિનો આક્ષેપ કરતા તેમણે કહ્યું કે, "કચરા કલેક્શન પાછળ ૧૨ કરોડ ચૂકવાયા હોવા છતાં ડભોઈના ૩૧ ગામોમાં કચરાના ઢેર છે. છેલ્લા ૨.૫ વર્ષના દૈનિક રેકોર્ડની જિલ્લા પંચાયત દ્વારા તપાસ ન થાય ત્યાં સુધી એજન્સીના આગામી ચૂકવણા તાત્કાલિક અટકાવવા જોઈએ."



વાઘોડિયામાં જર્જરિત ટાંકીઓ અને બંધ સ્ટ્રીટ લાઈટો મુદ્દે ઉગ્ર રજૂઆત

વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ જૂના પ્રશ્નોનો ઉકેલ ન આવતા નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કોટંબી-જરોદ રસ્તા પરથી ગેરકાયદે વીજ લાઈનો હટાવવા, ૩૪ જર્જરિત પાણીની ટાંકીઓનું ૧૦% લોકફાળાથી નવીનીકરણ કરવા અને ગાયત્રી મંદિર સામેના પ્લાસ્ટિક કચરાના નિકાલની માંગ કરી હતી. તેમણે ઉમેર્યું કે, "બે વર્ષથી અટવાયેલી ખેતરોની માપણી સમયસર થવી જોઈએ અને બિનવિવાદિત જમીનમાં બાજુના ખેડૂતની સહમતિ લેવાની બિનજરૂરી પ્રથા બંધ થવી જોઈએ. ઉપરાંત, પાંચ બેઠકોથી રજૂઆત છતાં નવીન બ્રિજ પર બંધ પડેલી સ્ટ્રીટ લાઈટો અકસ્માતો નિવારવા તાત્કાલિક ચાલુ કરવી જોઈએ."



ગુજરાતમાં 10 જેલરોની સામૂહિક બદલી

વડોદરા મધ્યસ્થ જેલમાં એચ.એ.બાબરીયાની નિમણૂક

મોરબી સબજેલના ઇન્ચાર્જ અધિક્ષક જેલર એચ.એ. બાબરીયાને વડોદરા મોકલાયા, તેમના સ્થાને અમદાવાદ મધ્યસ્થ જેલના જનકકુમાર જોશીની નિમણૂક

(પ્રતિનિધિ) વડોદરા, તા.21 ગુજરાત રાજ્યના જેલ વિભાગમાં વહીવટી કારણોસર 10 જેલર ગ્રુપ-2ની બદલીના હુકમ કરવામાં આવ્યા છે. આ બદલીમાં વડોદરા મધ્યસ્થ જેલને પણ નવો અધિકારી મળ્યો છે. મોરબી સબજેલના ઈન્ચાર્જ અધિક્ષક જેલર તરીકે ફરજ બજાવતા એચ.એ. બાબરીયાની વડોદરા મધ્યસ્થ જેલ ખાતે બદલી કરવામાં આવી છે. જ્યારે અમદાવાદ મધ્યસ્થ જેલમાં ફરજ બજાવતા જનકકુમાર બી. જોશીની મોરબી સબજેલ ખાતે નિમણૂક કરવામાં આવી છે.આ ઉપરાંત લાજપોર મધ્યસ્થ જેલના હર્ષદભાઈ સોલંકીને ગળપાદર, જામનગરના ગલબાભાઈ પાંત્રોડને અમદાવાદ, જૂનાગઢના ગોપાલભાઈ વણઝારાને મોડાસા, રાજપીપળાના મનુભા જાડેજાને રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મૂકવામાં આવ્યા છે. જશપાલસિંહ રાજપૂતને પાટણ, એમ.એમ. રબારીને અમદાવાદ, કિરણસિંહ ડાભીને જૂનાગઢ અને નિલેશકુમાર છાપિયાને રાજપીપળા ખાતે બદલી કરવામાં આવી છે. રાજ્યભરની વિવિધ જેલોમાં થયેલી આ બદલીઓથી જેલ વિભાગના વહીવટી માળખામાં ફેરફાર થશે. જેલ વિભાગ દ્વારા કરવામાં આવેલી આ બદલી પાછળ વહીવટી વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવાનો હેતુ હોવાનું માનવામાં આવે છે. નવી જગ્યાએ નિમણૂક પામેલા અધિકારીઓએ ટૂંક સમયમાં ચાર્જ સંભાળવાનો રહેશે.

રોંગસાઈડ કે ઓવરસ્પીડ કારણભૂત

દુમાડ ચોકડી બ્રિજ નીચે બે બાઈક વચ્ચે અકસ્માત, એક ચાલક ગંભીર

રોંગસાઈડ અને ઓવરસ્પીડથી અકસ્માતો વધ્યા



(પ્રતિનિધિ) વડોદરા, તા.21 દુમાડ ચોકડી બ્રિજ નીચે બે બાઈક સામસામે અથડાતા અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં એક બાઈક સવારને ગંભીર ઈજા પહોંચતા તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. અકસ્માતમાં એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈને રોડ પર પટકાઈ હતી. અકસ્માતને પગલે સ્થળ પર લોકો એકત્ર થઈ ગયા હતા, જેના કારણે થોડા સમય માટે વાહનચાલકોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો. માહિતી મળતા 108 એમ્બ્યુલન્સનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને ઈજાગ્રસ્તને તપાસવા તથા સ્ટ્રેચર મારફતે સારવાર અર્થે ખસેડવાની કામગીરી શરૂ કરી હતી. દુમાડ ચોકડી બ્રિજ નીચે વાહનોની અવરજવર સતત રહે છે અને સાંકડા વળાંક તથા બ્રિજ નીચેના ક્રોસિંગ પર વાહનચાલકોની નાની એવી બેદરકારી પણ મોટો અકસ્માત સર્જી શકે છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર આ વિસ્તારમાં રોંગસાઈડમાં વાહન ચલાવવાનું અને ઓવરસ્પીડનું પ્રમાણ વધ્યું છે. થોડું અંતર બચાવવા માટે અનેક વાહનચાલકો રોંગસાઈડમાં ઘૂસી જાય છે, જ્યારે કેટલાક ચાલકો બ્રિજના ઢાળ પરથી પૂરપાટ ઝડપે વાહન દોડાવતા હોય છે, જેના કારણે સામેથી આવતા વાહન સાથે ટક્કર થવાનું જોખમ વધી જાય છે. આજના અકસ્માતમાં પણ રોંગસાઈડ કે ઓવરસ્પીડ કારણભૂત હોવાની ચર્ચા સ્થળ પર સાંભળવા મળી હતી. આવા અકસ્માતો અટકાવવા માટે બ્રિજ નીચે સ્પીડ પર અંકુશ, રોંગસાઈડમાં આવતા વાહનો સામે કડક કાર્યવાહી અને ટ્રાફિક નિયમનની માંગ સ્થાનિકો કરી રહ્યા છે. વાહનચાલકોએ પણ હેલ્મેટ પહેરી, નિર્ધારિત ગતિમાં અને યોગ્ય લેનમાં વાહન ચલાવી સાવચેતી રાખવી જરૂરી બની છે.

મોટી જાનહાનિ ટળી, કારમાંથી દારૂની બોટલ મળી, ચાલક ઝડપાયો

ઓલ્ડ પાદરા રોડ પર નશામાં ધૂત કારચાલકે પરિવારને અડફેટે લીધો





(પ્રતિનિધિ) વડોદરા, તા.21 વડોદરા શહેરના ઓ.પી. રોડ પર ટ્રિક એન્ડ ડ્રાઈવની ગંભીર ઘટના સામે આવી છે, જેમાં નશાની હાલતમાં સ્વિફ્ટ કાર હંકારી રહેલા ચાલકે એક પરિવારને અડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. સદનસીબે આ ઘટનામાં મોટી જાનહાનિ થતા ટળી હતી. અકસ્માતની આ ઘટના ઓ.પી. રોડ પર રાજુ ઓમલેટવાળા પાસે ટર્નિંગ નજીક બની હતી. અકસ્માતમાં પરિવારના સભ્યોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી અને ઘટનાસ્થળે થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અકસ્માત બાદ કારની તપાસ કરતાં તેમાંથી દારૂની બોટલ સહિતની અન્ય વસ્તુઓ મળી આવી હતી. કારની હાલત અને સ્થળ પર મળેલી વસ્તુઓ જોતાં ચાલક નશાની હાલતમાં હોવાનું સ્પષ્ટ થતું હોવાની ચર્ચા લોકોમાં થઈ રહી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે કારચાલકને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઘટનાસ્થળે એકત્ર થયેલા લોકોએ પણ નશામાં વાહન ચલાવનારાઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી. ઓ.પી. રોડ પર સાંજના સમયે અહીં ખાણીપીણીના સ્ટોલ, દુકાનો અને રાહદારીઓની ભારે અવરજવર રહે છે. આવા વિસ્તારમાં નશામાં વાહન ચલાવવું એ પોતાના જ નહીં, પરંતુ અન્ય નિર્દોષ લોકોના જીવને પણ જોખમમાં મૂકવા સમાન છે. તાજેતરમાં શહેરમાં ટ્રિક એન્ડ ડ્રાઈવની ઘટનાઓ વધી રહી હોવાનું સામે આવી રહ્યું છે, ત્યારે પોલીસ દ્વારા રાત્રે ચેકિંગ વધારવા અને નશામાં વાહન ચલાવનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની જરૂરિયાત ઊભી થઈ છે. વાહનચાલકોએ પણ નશામાં વાહન ન ચલાવવું, ઝડપ પર કાબૂ રાખવો અને ટ્રાફિક નિયમોનું પાલન કરવું જરૂરી છે, જેથી આવા અકસ્માતો અટકાવી શકાય.

છ દિવસથી ગૂમ વેપારીના અપહરણની આશંકા

ચકલી સર્કલની દુકાનેથી નીકળેલો ડ્રાય ક્લીનર્સનો વેપારી લાપતા

પરિવારજનોની શોધખોળ છતાં કોઈ સુરાગ નહીં

(પ્રતિનિધિ) વડોદરા તા.21 વડોદરા શહેરના ચકલી સર્કલ વિસ્તારમાંથી ડ્રાય ક્લીનર્સનો વેપારી રહસ્યમય રીતે ગુમ થતાં ચકચાર મચી છે. દુકાનેથી કામ અર્થે બહાર નીકળેલા 40 વર્ષીય વેપારીનો છ દિવસ વીતવા છતાં કોઈ પત્તો લાગ્યો નથી. મોબાઈલ ફોન બંધ આવતો હોવાથી પરિવારજનોની ચિંતા વધી છે. અજાણ્યા શખ્સે લાલચ કે પ્રલોભન આપીને વેપારીનું અપહરણ કર્યું હોવાની આશંકા સાથે પત્નીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફતેહપુરાના હાથીખાના પટેલ ફળિયામાં રહેતા મોહસીન ઉસ્માનગની શેખ ચકલી સર્કલના બેલે વિસ્ટા કોમ્પ્લેક્સમાં 'ગુજરાત ડ્રાય ક્લીનર્સ' નામે દુકાન ચલાવે છે. ગત 14 નવેમ્બરે તેઓ રાબેતા મુજબ દુકાને ગયા હતા. બપોરે આશરે બે વાગ્યે દિયર મતીન ઉસ્માનગની શેખને કામ પતાવીને પરત આવવાનું કહી દુકાનેથી નીકળ્યા હતા. જોકે, ત્યારબાદ તેઓ ન તો દુકાને પરત ફર્યા કે ન ઘરે પહોંચ્યા. સાંજ સુધી પતિ ઘરે નહીં આવતાં પત્ની તરન્નુમબેને દિયરનો સંપર્ક કર્યો હતો.

દિયરે પણ મોહસીન દુકાનેથી નીકળ્યા બાદ પોતાની પાસે આવ્યા ન હોવાનું જણાવતાં પરિવારજનોમાં ફફડાટ ફેલાયો હતો. તેમનો મોબાઈલ ફોન પણ સતત બંધ આવતો હતો. સગાં-સંબંધીઓ અને સંભવિત સ્થળોએ શોધખોળ કરવા છતાં કોઈ ભાળ મળી નહોતી. આખરે પત્નીએ અજાણ્યા શખ્સ સામે અપહરણની આશંકા વ્યક્ત કરી પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુમ થયેલા વેપારીની શોધખોળ સાથે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

દોઢ મહિનામાં ૭૬.૮૪ લાખનો દંડ વસૂલાયો, ૧૬૨ એકમો સીલ

સ્વચ્છતાના નિયમોનો ભંગ કરનારા સામે વડોદરા મહાનગરપાલિકાની લાલ આંખ, વેપારીઓને દંડ



(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧ શહેરમાં સ્વચ્છતા વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવવા તેમજ જાહેર સ્થળોએ સ્વચ્છતા અને સ્વચ્છતાના નિયમોનું પાલન સુનિશ્ચિત કરવાના હેતુથી વડોદરા મહાનગરપાલિકા દ્વારા નિયમિત સઘન સફાઈ કામગીરીની સાથે સ્વચ્છતાના નિયમોનું અસરકારક અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. આ કામગીરીના ભાગરૂપે તા. ૦૧/૧૦/૨૦૨૬ થી તા. ૩૧/૧૦/૨૦૨૬ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં હાથ ધરવામાં આવેલી વિશેષ ચેકિંગ, નાઈટ ડ્રાઈવ તથા સર્વેલન્સની કામગીરી અંતર્ગત નિયમોનું ઉલ્લંઘન કરનારા વ્યક્તિઓ તથા વાણિજ્યિક એકમો પાસેથી કુલ ૩૭,૮૯,૯૦૦/-નો દંડ વસૂલવામાં આવ્યો હતો અને કુલ ૧૫૨ વાણિજ્યિક એકમોને સીલ કરવામાં આવ્યા હતા. તે જ રીતે, નવેમ્બર માસમાં તા. ૧૬/૧૧/૨૦૨૬ સુધી હાથ ધરવામાં આવેલી કાર્યવાહીમાં કુલ ૮,૯૫,૦૦૦/-નો દંડ વસૂલવામાં આવ્યો હતો તથા કુલ ૧૦ વાણિજ્યિક એકમોને સીલ કરવામાં આવ્યા હતા. આમ, ઓક્ટોબર થી નવેમ્બર સમયગાળા દરમિયાન થયેલી આ કાર્યવાહીના પરિણામે કુલ ૪૬,૮૪,૯૦૦/-નો દંડ વસૂલવામાં આવ્યો છે અને કુલ ૧૬૨ વાણિજ્યિક એકમોને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે.

વોર્ડ કક્ષાએ હાથ ધરવામાં આવેલી આ દંડનીય કામગીરીમાં વોર્ડ નં. ૦૧ દ્વારા સૌથી વધુ દંડની વસૂલાત કરવામાં આવી છે. ઉક્ત વિશેષ ઝુંબેશ દરમિયાન જાહેર સ્થળોએ અનધિકૃત રીતે બાંધકામ અને ડિમોલિશન વેસ્ટનો નિકાલ કરનારા, જાહેર સ્થળોએ ગંદકી ફેલાવનારા, વિશ્વામિત્રી નદીમાં ડેબ્રિસનો નિકાલ કરનારા તેમજ પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારા વ્યક્તિઓ અને વાણિજ્યિક એકમો સામે પ્રવર્તમાન નિયમો અને જોગવાઈઓ અનુસાર દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી.

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ નાગરિકો, વેપારીઓ તથા વાણિજ્યિક એકમોના સંચાલકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ જાહેર સ્થળોએ ગંદકી ન ફેલાવે, સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળે, નદી તથા અન્ય જાહેર સ્થળોએ કચરો કે ડેબ્રિસનો અનધિકૃત નિકાલ ન કરે તેમજ ઘન કચરાનો પ્રવર્તમાન નિયમો અનુસાર યોગ્ય નિકાલ સુનિશ્ચિત કરે. વધુમાં, શહેરની સ્વચ્છતા જાળવવા માટે વોર્ડ કક્ષાની સેનેટેશન ટીમો દ્વારા નિયમિત નાઈટ ડ્રાઈવ, સર્વેલન્સ તથા સ્થળ તપાસની કામગીરી સતત ચાલુ રાખવામાં આવશે. સ્વચ્છતાના નિયમોનું ઉલ્લંઘન કરનારા વ્યક્તિઓ તથા વાણિજ્યિક એકમો સામે દંડ વસૂલાત અને સીલિંગ સહિતની જરૂરી કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

લાલુ સિંદીના સાગરિત કાલુ ટોપીના જામીન નામંજૂર

વડોદરા : વડોદરામાં સંગઠિત ગુનાખોરી માટે કુખ્યાત લાલુ સિંધી ગેંગ સામે ગુજસીટોક હેઠળ નોંધાયેલા ગુનામાં જેલમાં બંધ આરોપી કાલુ ઉર્ફે ટેકુ ઉર્ફે ટોપી સુંદરદાસ ટેલવાણીને વચગાળાના જામીન મેળવવામાં નિષ્ફળતા મળી છે. આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ 483 હેઠળ વચગાળાના જામીન માટે અરજી કરી હતી.ફરિયાદ મુજબ, લાલુ સિંધી ગેંગ દ્વારા છેલ્લા દસ વર્ષમાં હત્યા, ખંડણી, ધાડ, નકલી દસ્તાવેજો, આર્મ્સ એક્ટ અને દારૂની હેરાફેરી સહિતના 106 ગંભીર ગુનાઓ આચરવામાં આવ્યા હોવાનો આક્ષેપ છે. ગેંગના 12 સભ્યો સામે 81 ગુનાઓના આધારે ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. આ મામલે વડોદરાના સ્પે. જજ (ગુજસીટોક) ભુપેન્દ્રકુમાર દવેની અદાલતે કાલુ ટોપીની વચગાળાના જામીનની અરજી નામંજૂર કરી હતી. આમ ગુજસીટોક હેઠળ નોંધાયેલા ગુનામાં મધ્યસ્થ જેલમાં બંધ આરોપીને કોર્ટમાંથી રાહત મળી નથી.

શહેરમાં 'હિટ એન્ડ રન'નો સિલસિલો યથાવત

ફતેગંજ બ્રિજ નીચે મર્સિડિઝની ટક્કરે બાઈક પર સવાર મહિલા ઈજાગ્રસ્ત



(પ્રતિનિધિ) , વડોદરા. તા.૨૧ શહેરમાં નબીરાઓ અને બેફામ વાહનચાલકોનો આતંક દિન-પ્રતિદિન વધી રહ્યો છે, ત્યારે શહેરના અત્યંત વ્યસ્ત ગણાતા ફતેગંજ બ્રિજ નીચે વધુ એક ગંભીર 'હિટ એન્ડ રન'ની ઘટના સામે આવી છે. પૂરપાટ ઝડપે ધસી આવેલી એક લક્ઝુરિયસ મર્સિડિઝ કારના ચાલકે બાઈક પર પસાર થઈ રહેલી મહિલાને જોરદાર ટક્કર મારી હતી અને માનવતા નેવે મૂકી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. અમદાવાદ જવા માટે નીકળેલા એક બાઈક સવાર મહિલા ફતેગંજ બ્રિજ નીચેથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન જ અંદાજે ૧૨૦ કિમી પ્રતિ કલાકથી વધુની અતિશય ઝડપે આવી રહેલી મર્સિડિઝ કારે મહિલાની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે મહિલા બાઈક સાથે રોડ પર ફંગોળાઈ ગયા હતા અને તેમના બાઈકનો પણ કચ્ચરઘાણ વળી ગયો હતો. અકસ્માત સર્જાતા જ પ્રચંડ અવાજ થયો હતો, જેના પગલે આસપાસના દુકાનદારો, રાહદારીઓ અને વાહનચાલકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

બીજી તરફ, અકસ્માત સર્જનાર મર્સિડિઝ કારનો ચાલક ઈજાગ્રસ્ત મહિલાની મદદ કરવાને બદલે પૂરઝડપે કાર હંકારીને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. કારની ગતિ એટલી વધારે હતી કે સ્થાનિક લોકો તેને રોકી શક્યા નહોતા કે કારનો રજીસ્ટ્રેશન નંબર પણ નોંધી શક્યા નહોતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા મહિલાને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે સ્થાનિકોએ મદદની કામગીરી હાથ ધરી હતી અને મહિલાની ક્ષતિગ્રસ્ત બાઈકને સુરક્ષિત રીતે સાઈડમાં પાર્ક કરી હતી. ઘટનાને પગલે સ્થાનિક નાગરિકોએ પોલીસ કંટ્રોલ રૂમ ૧૧૨ પર કોલ કરીને જાણ કરી હતી, પરંતુ પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ ૧૧૨ની ટીમ ઘટનાસ્થળે પહોંચવામાં ઘણી મોડી પડી હતી. સ્થાનિકોએ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા એમ્બ્યુલન્સ સ્થળ પર આવી પહોંચી હતી અને ઘાયલ મહિલાને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ગ્રાહકોની જાણ બહાર બનાવી બિલ બનાવી લોન લીધી

જે.કે. ફોર્સ શો-રૂમના માલિક અને બેંક કર્મચારી સહિત ત્રણ સામે ફરિયાદ

૩.7.40 લાખના પ્રોડક્ટની ડિલિવરી પણ નહીં આપી અને હપ્તા પણ નહીં ભરતાં કોટક મહિન્દ્રા બેંક સાથે વિશ્વાસઘાત

(પ્રતિનિધિ) , વડોદરા. તા.૨૧ ઓક્ટોબર 2024થી જૂન 2025 દરમિયાન આરોપીઓએ એકબીજાની મદદથી કાવતરું રચી વારસીયા ખાતે આવેલા જે. કે. ઈકો ફોર્સનામના શો-રૂમમાંથી ગ્રાહકોના નામે બનાવટી બિલ તૈયાર કરવામાં આવ્યા હતાં તેમજ આ બિલ કોટક મહિન્દ્રા બેંકની સિસ્ટમમાં અપલોડ કરી ડીલરના કોડ હેઠળ ગ્રાહકોની કન્ઝ્યુમર લોન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ લોનની રકમ શો-રૂમના યુનિયન બેંકના ખાતામાં જમા કરાવી લેવામાં આવી હતી. જોકે, જે ગ્રાહકોના નામે લોન લેવામાં આવી હતી તેમને ખરીદેલી વસ્તુઓની ડિલિવરી આપવામાં આવી નહોતી. એટલું જ નહીં, આ છેતરપિંડી પૂર્વક લીધેલી લોનના હપ્તા પણ ભરવામાં આવ્યા ન હોવાથી બેંકને કુલ રૂ.7,40,629નું આર્થિક નુકસાન થયું હતું. આ મામલે કોટક મહિન્દ્રા બેંક વતી મિહીર વિવેક પેંડસેએ વારસિયા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતાં જે. કે. ઈકો ફોર્સ શો-રૂમના માલિક જીવનસિંહ દેવીસિંહ ખત્રોઠ, બેંક કર્મચારી અંકુર વાંળદ અને ફરજાનાબાનુ ઈલિયાસ ચૌહાણ સામે છેતરપિંડી, વિશ્વાસઘાત અને બનાવટી દસ્તાવેજો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ અંગેની વધુ તપાસ પોલીસ ઈન્સપેક્ટર વાય.જી. મકવાણા ચલાવી રહ્યા છે.

તરસાલીમાં બંધ મકાનને નિશાન બનાવી તસ્કરોનો હાથફેરો

વડોદરા : તરસાલી વિસ્તારમાં આવેલા શરદનગર રહેતાં કુંદાબેન માકોને પરિવાર સાથે પુણે ગયા હતા ત્યારે તસ્કરોએ ઘરના દરવાજાનું તાળું અને નકુચો તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ બેડરૂમમાં આવેલી તિજોરીઓ તોડી સોનાનો હાર, ચાંદીના દાગીના, સિક્કા અને રોકડની ચોરી કરી હતી. શરદનગરમાં રહેતાં કુંદાબેન ચંદ્રકાંત માકોને પરિવાર સાથે 12 નવેમ્બરના રોજ સવારે મકાનને તાળું મારી પુણે ખાતે ભાઈની તબિયત પૂછવા ગયાં હતાં. દરમિયાન 18 નવેમ્બરના રોજ સવારે પાડોશી લતાબેને ફોન કરીને ઘરની જાળી ખુલ્લી હોવાની અને દરવાજાનું લોક તૂટેલું હોવાની જાણ કરી હતી. પરિવાર સાંજે ઘરે પરત ફર્યો ત્યારે દરવાજાનું તાળું તૂટેલું હતું અને અંદર રૂમમાં સામાન વેરવિખેર પડ્યો હતો. તપાસ કરતાં તિજોરીઓ પણ તૂટેલી જોવા મળી હતી. તિજોરીમાંથી સોનાનો હાર, બે ચાંદીના નેકલેસ, ચાંદીના સિક્કા, દીવો, પૂજાની સામગ્રી અને પાંચ રૂપિયાની નોટનું બંડલ મળી કુલ રૂ.1,40,460ની મત્તા ગાયબ હતી.

વૃંદાવન ચાર રસ્તા પાસે બનાવ બન્યો

મોટર સાયકલ પર આવેલા ત્રણ શખ્સ મોબાઈલ ઝૂંટવી ફરાર

(પ્રતિનિધિ) , વડોદરા. તા.૨૧ શહેરમાં મોબાઈલ સ્નેચિંગની ઘટનાઓમાં વધુ એક બનાવ સામે આવ્યો છે. માંજલપુરના પંડિત દીનદયાળ બરોડા હાઈટ્સમાં રહેતા યુવકનો મોબાઈલ વૃંદાવન ચાર રસ્તા પાસેથી બાઈક પર આવેલા ત્રણ અજાણ્યા શખ્સો ઝૂંટવીને ફરાર થઈ ગયા હતા.માંજલપુરની પંડિત દીનદયાળ બરોડા હાઈટ્સમાં રહેતા અશ્વિનભાઈ જેઠવા પી.ટી.એસ. બરોડા ખાતે મેસ સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. તેમનો નાનો ભાઈ રોહિત વાઘોડિયા જીઆઈડીસીની આર.આર. કેબલ કંપનીમાં નોકરી કરે છે. ગત તા. 6 નવેમ્બરના રોજ રોહિત નોકરી પૂર્ણ કરી સાંજે ઘરે આવવા નીકળ્યો હતો. સાંજે આશરે સવા છ વાગ્યે તે વૃંદાવન ચાર રસ્તા પાસે પરીવાર ચાર રસ્તા તરફ જવાના માર્ગે ઊભો રહી રેપીડો બુક કરાવવા માટે હાથમાં મોબાઈલ રાખીને બુકિંગ કરી રહ્યો હતો. તે દરમિયાન વાઘોડિયા ચોકડી તરફથી સ્પ્લેન્ડર મોટરસાઈકલ પર ત્રણ અજાણ્યા શખ્સો આવ્યા હતા. બાઈકની વચ્ચે બેઠેલા શખ્સે રોહિતના હાથમાંથી રૂ. 12 5G મોબાઈલ ઝૂંટવી લીધો હતો અને ત્રણેય શખ્સો પરીવાર ચાર રસ્તા તરફ ફરાર થઈ ગયા હતા. ત્રણેયની ઉંમર આશરે 20થી 25 વર્ષની હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. મોબાઈલ ઝૂંટવનાર શખ્સે કાળા રંગનું ટી-શર્ટ અને પાછળ બેઠેલા શખ્સે સફેદ રંગનું ટી-શર્ટ પહેર્યું હતું. ઘટના બાદ રોહિત કામ અર્થે બહાર ગયો હોવાથી તાત્કાલિક ફરિયાદ નોંધાવી શક્યો નહોતો. આખરે અશ્વિનભાઈ જેઠવાએ પોલીસનો સંપર્ક કરી ત્રણ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે.

કલાદર્શન ચાર રસ્તા પાસે દારૂનો જથ્થો સગેવગે થતો હોય PCB એ રેડ કરી

વાઘોડિયા રોડ પર દારૂની હેરાફેરીનો પર્દાફાશ, વિદેશી દારૂની ૭૬૪ બોટલ સાથે ત્રણ ઝડપાયા

વિદેશી દારૂ સહિત રૂ.૭.૫૮ લાખનો મુદ્દામાલ કબજે, દારૂ મંગાવનાર લાલુ કહાર સહિત ત્રણ વોન્ટેડ



(પ્રતિનિધિ) , વડોદરા. તા.૨૧ વડોદરા શહેરમાં અલગ અલગ વિસ્તારોમાં દારૂની હેરાફેરી તથા વેચાણ થતું હોય છે જેના આધારે પીસીબી પીઆઈ જે.આર. ગામિતના માર્ગદર્શન હેઠળ પીસીબીની પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે, વાઘોડિયા રોડ પર નાયરા પેટ્રોલ પંપની ગલીમાં આવેલી રતિલાલ પાર્ક સોસાયટીના મકાન નંબર 108માં રહેતા લાલુ નંદુ કહાર અને તેનો ભાઈ પંકજ કહારે વિદેશી દારૂનો જથ્થો મંગાવ્યો છે. મહારાષ્ટ્ર પાસિંગની અર્ટિગા કારમાં દારૂનો જથ્થો આવ્યો છે અને હાલ તેમના ઘર પાસે તેને સગેવગે કરવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પીસીબીની ટીમે સ્થળ પર દરોડો પાડતાં કારમાંથી દારૂનો જથ્થો સગેવગે કરતા ત્રણ શખ્સો ઝડપાઈ ગયા હતા. પોલીસે ઉત્તરપ્રદેશના પ્રયાગરાજનો શિવમ ઓમપ્રકાશ સરોજ (કારચાલક), પંકજ નંદુભાઈ કહાર અને પાર્થ ઉર્ફે સોનુ રાજુભાઈ બ્રહ્મભટ્ટની ધરપકડ કરી હતી.પોલીસે કારમાંથી વિદેશી દારૂની વ્હિસ્કી અને વોડકાની કુલ 764 બોટલ કિંમત રૂ.2.41 લાખ કબજે કરી હતી. આ ઉપરાંત ત્રણ મોબાઈલ ફોન, રોકડા રૂ.1,980 અને દાર